ગાંધીનગર સમાચાર
તા. ૩-૧૨-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### રાહુલનો વિપક્ષી નેતા તરીકે નવો અવતાર

સંસદ પરિસરમાં રાહુલ ગાંધીના ધરણાં અને મોદી મંત્રીમંડળનાં રાજયમંત્રી સાધ્વી નિરંજન જયોતિના બેફામ વાણીવિલાસને કારણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એના વિશ્વવ્યાપી પ્રભાવને પડઘો પાડવા માગતા હતા એ દબી ગયો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પહેલી જ વાર આટલા આક્રમક સ્વરૂપમાં પ્રગટ થયા છે. ભાજપની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલ બોલબાલા વચ્ચે સળંગ છ દાયકા સુધી રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્ર સ્થાને રહેલ એકસો ત્રીસ વરસ જૂનો પક્ષ એકાએક હાંસિયે ધકેલાઈ ગયો હતો. એને માન્ય વિરોધ પક્ષ થવા માટે જરૂરી બેઠકો પણ નહીં મળતાં એ કારકિર્દીના સૌથી ખરાબ અને નામોશીભર્યા તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે ત્યારે ખુદ કોંગ્રેસીઓમાં જ નહેરુ-ગાંધી વંશનાં નેતૃત્વ સામે પ્રશ્નોની પરંપરા સરજાઈ ગઈ છે. કોઈ રાહુલ ગાંધીને સોનિયા ગાંધી પાસેથી પાર્ટીનાં સત્તા-સૂત્રો સંભાળી લેવાની અને સવિશેષ પ્રો-એક્ટિવ ભૂમિકા ભજવવાની સુફિયાણી સલાહ આપી હજી એમની ગુડ બુકમાં રહેવા મથે છે તો કોઈ રાહુલ ગાંધીની ક્ષમતા વિશે જ સવાલ ઊભા કરી એમને બાજુએ ખસેડી ગાંધી પરિવારની સુપરસ્ટાર પ્રિયંકાને મેદાનમાં લાવવા આરજૂ ગુજારે છે. કોંગ્રેસ માટે એક સાંધતાં તેર તૂટે એવા વિપરીત સંજોગો સરજાતા જાય છે. એક પછી એક રાજયો કોંગ્રેસના હાથમાંથી, દયમંતીના હાથમાંથી સરકી જતાં માછલાંની જેમ સરકી રહ્યાં છે. જૂના સાથીઓને હવે કોંગ્રેસનો સંગાથ અસ્કયામતને બદલે જવાબદારી સમો વરતાઈ રહ્યો છે. જમ્મુ અને કાશ્મીરમાં ડૉ. ફારુક અબદુલ્લાના નેતૃત્વ હેઠળની શાસક પાર્ટી - નેશનલ કોન્ફરંસ હોય કે ઝારખંડમાં શિબુ સોરેનના નેજા હેઠળ રાજ કરતી ઝારખંડ મુક્તિ મોરચા જેવી પ્રાદેશિક પાર્ટી હોય - કોઈને પણ કોંગ્રેસના સહયોગમાં રહી વિધાનસભાની ચૂંટણી લડવામાં રસ નથી રહ્યો. આ બેઉ રાજયોમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડી રહી છે અને પરિણામ પહેલેથી કળી શકાય એમ છે. મહારાષ્ટ્રમાં શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પણ એન ટાઈમે ડૂબતા જહાજમાંથી ઉંદરડા કૂદી પડે એમ કોંગ્રેસ સાથેના ગઠબંધનથી અલગ થઈ જવાનું અને સંભવિત ભાજપ સરકારને બિનશરતી સમર્થન આપવાનું વલણ દાખવ્યું હતું. કેન્દ્રમાં સત્તા મેળવ્યા પછી રાજયોમાં એ જ પેટર્ન પર ભારતીય જનતા પાર્ટીની - બલકે મોદી મેજિકની અસર રહેશે તે જગજાહેર હતું. પરંતુ કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટી માટે પાંચ વરસ સુધી ખૂણો પકડવાનું પણ અઘરું હતું. કોંગ્રેસની સરખામણીમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસે વિપક્ષની ભૂમિકા ભજવવામાં વિશેષ સક્રિયતા દાખવી એથી એક તબક્કે તો એવું લાગવા માંડ્યું હતું કે ધીરે ધીરે કોંગ્રેસની જગ્યાએ તૃણમૂલ કોંગ્રેસ અને સમાન વિચારસરણી ધરાવતાં જૂની જનતા પાર્ટીનાં ફાડિયાં સંસદમાં વિપક્ષની ભૂમિકા ભજવતાં દેખાશે. તાજેતરમાં લાલુ અને મુલાયમના પરિવાર વચ્ચે વેવાઈવટાનો નવો સંબંધ રચાયો ત્યારે જૂના જનતાદળના ઘટક પક્ષોને ફરી એક નેજા હેઠળ લાવી અસરકારક રાજકીય સંગઠન ઊભું કરવાની દરખાસ્ત પણ વિચારાઈ હતી. આ તમામ બાબતો લક્ષમાં લઈ કોંગ્રેસે ઢોળાઈ ગયેલા દૂધ પર રોવાને બદલે 'પુનશ્ચ હરિ ઓમ્' કરી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યો હોય તો એ આવકારવાલાયક જ ગણાય. મોદી સરકારનાં ચૂંટણી વચનોમાં દર અઠવાડિયે સરેરાશ એકના હિસાબે છ મહિનાના ગાળામાં પચ્ચીસ 'યુ-ટર્ન' વિશેની પુસ્તિકા કોંગ્રેસ તરફથી પ્રકાશિત કરાઈ છે, જે પત્રકારો અને મીડિયા સમક્ષ પાર્ટીના રાષ્ટ્રીય પ્રવકતા અજય માકને ખુલ્લી મુકી હતી. એ પુસ્તિકાને હાથમાં લઈ રાહુલ ગાંધીએ સંસદ પરિસરમાં આવેલી મહાત્મા ગાંધીની પ્રતિમા સમક્ષ ધરણાં દઈ એમની વિપક્ષી નેતા તરીકેની ભૂમિકાની નવી ઈનિંગ્સ શરૂ કરી છે. ચૂંટણી વચનોનાં કાળા નાણાં પરત લાવવાની વાતથી લઈ સુભાષ ચંદ્ર બોઝના અવસાન વિશેની ગોપનીય બાબતો જાહેર કરવા સુધીની ઘણી બધી બાબતો પર મોદી સરકારે સતત ફેરવી તોડ્યું છે. એ રીતે મોદી સરકાર સાચે જ 'યુ-ટર્ન' સરકાર બની રહી છે અને સો દિવસમાં કામગીરી કરી દેખાડવાને બદલે છ મહિના સુધી ફક્ત વાતોનાં જ વડાં કરતી રહી છે. છેલ્લે છેલ્લે મોદીએ રાજયોની વિધાનસભાની ચૂંટણીઓમાં અને વિદેશ પ્રવાસોમાં જ વધુ વખત પસાર કર્યો છે. વિપક્ષ માટે મોદીના આ રાષ્ટ્રીય નેતામાંથી રાતોરાત આંતરરાષ્ટ્રીય નેતા બની જવાની ધખના એક અગત્યનો મુદ્દો બની ગયેલ છે, જેનો સંસદના સત્ર દરમિયાન એ ભરપૂર ઉપયોગ કરવામાં મૂડમાં છે. કોંગ્રેસ કરતાં પણ ડાબેરીઓ, માયાવતી અને મમતા અને મુલાયમ અને લાલુ જેવા પ્રાદેશિક નેતાઓ આ મુદ્દે વિશેષ આક્રમકતા દેખાડતા થશે, એવી શક્યતા સાધ્વી નિરંજના જયોતિના 'રામજાદા' અને 'હરામજાદા' જેવા બિન-પાર્લામેન્ટરિયન વિધાનો સામેનાં ઉગ્ર ઊહાપોહમાં જોવા મળી છે. રાહુલ ગાંધીને એમના રાજકારણ માટે નવું મેદાન મળ્યુ છે - એમને એનો ઉપયોગ કરતાં આવડશે કે કેમ એ સવાલ જરૂર રહેવાનો!

# પ્રાથમિક શિક્ષણને પ્રાથમિક્તા આપવા રાજ્ય સરકાર કટિબદ્ધ

## રાજ્યમાં ગુણોત્સવ અભિયાનને અભૂતપૂર્વ સફળતા મળી રાજયના પ્રાથમિક શિક્ષણાધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા

ગાંધીનગર, તા.૨

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, બાળકના ઉજ્જવળ ભાવિના ઘડતર માટે પ્રાથમિક શિક્ષણની ચિંતા રાજ્ય સરકારે કરી છે તે ગુજરાત ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા અભિયાનની સફળતાએ પુરવાર કર્યું છે.

ગાંધીનગરમાં જીસીઈઆરટીસી કેમ્પસ ખાતે રાજ્યના પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, શાસનાધિકારીઓ સાથે શિક્ષણ રાજમયંત્રી નાનુભાઈ વાનાણી અને શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ અરવિંદ અગ્રવાલની ઉપસ્થિતિમાં યોજાયેલી સમીક્ષા બેઠક-૨૦૧૪માં માર્ગદર્શન આપતા શિક્ષણંત્રીએ કહ્યું હતું કે, રાજ્યના સર્વાંગીણ વિકાસમાં શિક્ષણ વિભાગનું યોગદાન બેમિસાલ રહ્યું છે. અંતરિયાળ ગામો અને છેવાડામાં વસતા બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તેનું કાળજીપૂર્વકના આયોજન રાજયમાં અમલી બન્યું છે ત્યારે પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધુને વધુ સારી બને તે માટે શિક્ષકો અને શિક્ષણ તંત્રના અધિકારીઓ, કર્મચારીઓએ દિવાદાંડી સમાન કાર્ય કરવું જ રહ્યું.

શિક્ષણમંત્રી ચુડાસમાએ વર્ગખંડમાં શિક્ષણ કાર્ય દરમિયાન શિક્ષકો દ્વારા મોબાઈલ ફોનનો ઉપયોગ નહીં કરવા, શિક્ષકોની શાળામાંની હાજરીની વધુ નિયમિતતા લાવવાનું સઘન અમલીકરણ કરવા તથા પ્રત્યેક પ્રાથમિક શાળામાં પ્રાર્થના દરમિયાન મહાન પુરુષોની સિદ્ધિઓની સચોટ પ્રેરણાદાયક વર્તાઓ વિદ્યાર્થીઓ શિક્ષકો દ્વારા રજૂ થાય તે માટેનું કાર્ય કરવા શિક્ષણાધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું અને આવી બાબતોને શિક્ષણ સંસ્થાઓમાં પ્રાધાન્ય આપવાથી શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ પરિણામો મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શિક્ષણરાજયમંત્રી નાનુભાઈ વાનાણીએ ગુજરાત રાજ્યે શિક્ષણ ક્ષેત્રે વિકાસના નવા આયામો સરક કર્યા છે, રાજ્યમાં શિક્ષણના વિસ્તરણ અને ગુણવત્તાયુક્ત શિક્ષણથી રાજ્યનો વિકાસ ઝડપી બન્યો છે, ત્યારે આ શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ પરિણામો આપણને મળે તે માટે શિક્ષણાધિકારી, શાસનાધિકારીઓ સંકલ્પબદ્ધ બનીને મહત્તમ યોગદાન આપે તે તેમની પ્રાથમિક ફરજ છે.

# પીજી મેડિકલ પ્રવેશ પરીક્ષામાં સર્વર ધીમું થતાં મુશ્કેલી સર્જાઈ

## વિદ્યાર્થીઓને ભારે હાલાકી : કેટલાક પરીક્ષા સેન્ટરો ઉપર પરીક્ષા નિર્ધારિત સમય કરતા પણ વધુ સમય સુધી ચાલી

અમદાવાદ, તા.૨

ઓલ ઈન્ડિયા લેવલે અત્યારે પીજી મેડિકલની એન્ટ્રન્સ એકઝામ લેવાઈ રહી છે. જો કે, ઓનલાઈન લોઈ રહેલી આ પરીક્ષામાં સર્વર ડાઉન હોવાના કારણે વિદ્યાર્થીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સર્વલ સ્લો હોવાના કારણે ગુજરાતમાં કેટલાક સેન્ટરો ઉપર આ પરીક્ષા ૩.૫ કલાકના નિર્ધારિત સમયની જગ્યાએ પાંચ કલાક સુધી ચાલી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ પીજી મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા એમબીબીએસ કરી રહેલા ઉમેદવારોની પ્રવેશ પરીક્ષા ઓલ ઈન્ડિયા લેવલે દર વર્ષે યોજવામાં આવે છે. ત્યારે ચાલુ વર્ષે આ પ્રવેશ પરીક્ષાનો પ્રારંભ સોમવારથી થયો છે. જે શનિવાર સુધી ચાલવાની છે. ઓનલાઈન લેવામાં આવી રહેલા આ પીજી મેડિકલ પ્રવેશ પરીક્ષા માટે ગુજરાતના વિવિધ શહેરોમાં પણ સેન્ટરો ફાળવવામાં આવેલા છે. જો કે, આ સર્વરો ઉપર પરીક્ષા આપી રહેલ વિદ્યાર્થીઓ સર્વરની ધીમી સ્પીડના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. કેટલાક પરીક્ષા સેન્ટરો પર પરીક્ષાની સ્પીડ ધીમી હોય છે કે વિદ્યાર્થીઓએ ભારે હાલાંકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સામાન્યરીતે આ પરીક્ષામાં ૩૦૦ માર્ક્સના ઓબ્જેક્ટીવ પ્રશ્નોના જવાબ આપવા માટે ૩.૫ કલાકનો સમય આપવામાં આવે છે. જો કે, સર્વરની સ્પીડ ધીમી હોવાથી કેટલાક સેન્ટરો પર આ પરીક્ષા પાંચ કલાક સુધી ચાલી હતી જેના કારણે વિદ્યાર્થીઓની સાથે સાથે પરીક્ષા સેન્ટરો પર આવેલ તેમના વાલીઓએ પણ કલાકો સુધી કોલેજની બહાર બેસી રહેવું પડ્યું હતું. જો કે, આ પરીક્ષા રાષ્ટ્રીય સ્તરે લેવામાં આવી રહી હોવાથી તેનું અંતે પોતે કંઈપણ કરવા અસમર્થ હોવાનું પરીક્ષા કેન્દ્રના સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્યારે પ્રશ્ન એ થાય કે પુરતી વ્યવસ્થાના અભાવે પરીક્ષાનું આયોજન કરવાથી વિદ્યાર્થીઓની એકાગ્રતા પર જે અસર થાય તો તેના માટે જવાબદાર કોણ.

### આજે જીઆઈપીએસમાં ગ્રાન્ડ પેરેન્ટસ ડે ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક વિભાગનાં બાળકો 'દાદા-દાદી' અને 'નાના-નાની' દિનની ઉજવણી કરનાર છે. આજની કુમળી પેઢીમાં કૌટુંબિક ભાવનાનો અમરવારસો જળવાઈ રહે તે હેતુસર તા. ૩-૧૨-૧૪ બુધવારના રોજ સવારે ૧૦.૩૦થી ૧૨ દરમિયાન 'દાદા-દાદી' અને 'નાના-નાની' દિનની ઉજવણી કરવામાં આવશે.

### એઈડ્સ પર પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨

વનશ્રી ટ્રસ્ટ અને અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ દ્વારા એઈડ્સ વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. કોલેજના એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓને એઈડ્સ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને જણાવ્યું હતું કે, એઈડ્સના દર્દીને દવાની સાથે પ્રેમ અને હૂંફ આપવી જોઈએ. દવા આપવાથી દર્દીની શારીરિક સમસ્યા ઓછી થઈ જાય છે. પરંતુ પ્રેમ અને હૂંફ આપવાથી દર્દી દુ:ખને ભુલી જાય છે. આજની યુવાપેઢીએ રોગ સામે જાગૃત રહેવું જોઈએ તેમ પણ જણાવ્યું હતું.

### એમ.બી. પટેલ શાળામાં સેમિનાર યોજાયો

શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા અને જિલ્લા બાળ સુરક્ષા વિભાગ દ્વારા બ્રહ્માણી કૃપા હોલ ખાતે ગુમ થતા બાળકો આપણું ઉત્તર દાયિત્વ વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. સેમિનારમાં બાળ સુરક્ષા અધિકારી સંજય પટેલે વાલીઓ અને સમાજ ગુમ થતા બાળકો માટે શું કરી શકે છે તે પ્રેઝન્ટેશન રજુ કરી બતાવ્યું હતું. તેમજ પોતાના વકતવ્યમાં વાલીઓએ શું શું કરવું જોઈએ તેની માહિતી આપી હતી. સેમિનારમાં આચાર્યા નીરુબેન પટેલે વિષયને અનુરુપ સંબોધન કર્યું હતું.

# ૨૧થી વધુ વિદ્યાર્થીનીને ઝાડા-ઉલ્ટીથી ભાગદોડ

અમદાવાદ, તા.૨

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કાર્યરત નર્સિંગ કોલેજની ૨૧થી વધુ વિદ્યાર્થીનીઓને આજે ઝાડા-ઉલ્ટી થતાં તેમને સારવાર અર્થે સિવિલના સ્પેશિયલ વોર્ડમાં ખસેડવામાં આવી છે. સવારના નાસ્તો કર્યા બાદ આ ઘટના સામે આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદની સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નર્સિંગ કોલેજ અને હોસ્ટેલ આવેલી છે. આ હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓની ફરિયાદ છે કે, હોસ્ટેલમાં છેલ્લા કેટલાક દિવસોથી પીવાનું પાણી પ્રદૂષિત આવતુ હોવાથી તેમજ ભોજન યોગ્ય ગુણવત્તા મુજબનું નહીં આપવામાં આવતું હોવાથી ૨૧થી વધુ વિદ્યાર્થીનીઓને આજે અચાનક જ ઝાડા-ઉલ્ટી થવા લાગ્યા હતા. આ તમામ વિદ્યાર્થીનીઓને તાત્કાલિક ધોરણે સિવિલ હોસ્પિટલના સ્પેશિયલ વોર્ડમાં ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ એમએમ પ્રભાકરે જણાવ્યું હતું કે, સિવિલ નર્સિંગ કોલેજની ૨૧થી વધુ વિદ્યાર્થીનીઓને ઝાડા ઉલ્ટી થતાં તેમને હાલ સ્પેશિયલ વોર્ડમાં સારવાર અપાઈ રહી છે તેમજ વિદ્યાર્થીનીઓની ફરિયાદ અંગે યોગ્ય તપાસ કરીને જવાબદાર વ્યક્તિઓ સામે પગલા લેવામાં આવશે. દરમિયાન સિદ્ધપુર નર્સિંગ કોલેજની કેટલીક વિદ્યાર્થીનીઓને પણ ઝાડા-ઉલ્ટી થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, હજુ થોડા સમય પહેલા જ સ્વચ્છતા, આરોગ્ય અને રોગચાળા બાબતે ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવેલ એક જાહેરહિતની અરજી સંદર્ભે કોર્ટ દ્વારા સિવિલ હોસ્પિટલને ફટકાર લગાવીને આ બાબતોનું ધ્યાન રાખવા માટે ખાસ કમિટિની રચના કરવા માટેનો આદેશ કર્યો હતો. આ આદેશ બાદ પણ હાલમાં સિવિલનું ગંદકીનું સામ્રાજ્ય યથાવત છે જેને કારણે હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓ અને હોસ્ટેલના વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સામે જ જોખમ સર્જાયું છે.

## હરિની દૃષ્ટિ...




મારી વાઇફ કહે છે નોકરી છોડી દો, શહેરના લોકો સ્વયં સફાઇ કરવા લાગશે અને ભવિષ્યમાં અમારી નોકરીને જોખમ થશે અને છેલ્લે... બીજું કામ શોધવું પડશે...!!

# સાબરમતીને કિનારે વસેલા સાદરા ગામે સાદરિયા હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા

ગાંધીનગર, તા. ૨

તાલુકાના સાદરા ગામે ત્રિદિવસીય શ્રી સાદરિયા હનુમાનજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને નવચંડી મહારુદ્ર યજ્ઞ યોજાશે.

સાબરમતીના કિનારે આવેલ સાદરા ગામે હનુમાનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવશે. કાર્યક્રમ ત્રણ દિવસ સુધી ચાલશે જેમાં પ્રથમ દિવસ તા. ૪ ડિસેમ્બરે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત, યજ્ઞપૂજા, મંડપ પ્રવેશ, સ્થાપ્ય દેવતા પૂજન, કુટીર હોમ, સાયં આરતી અને રાત્રે ૯.૦૦ વાગે સુંદરકાંડ પાઠ યોજવામાં આવશે.

દ્વિતીય દિવસે સવારે ૯.૦૦ વાગે પ્રાતઃ પૂજન બાદ હનુમાનજી મહારાજને નગરયાત્રાએ લઈ જવામાં આવશે. ત્યાર બાદ સ્નપનવિધિ, મૂર્તિપતિલોકપાલ આવાહન, શાંતિક પૌષ્ટિક હોમ, સ્થાપ્યદેવતા હોમ, તત્વન્યાસ, આરતી અને રાત્રે ૯.૦૦ વાગે નર્મદા સુરસંગમ પાર્ટી દ્વારા સંતવાણી રજૂ કરવામાં આવશે.

તેમજ પ્રતિષ્ઠાના ત્રીજા અને અંતિમ દિવસે સવારે ૮.૦૦ વાગ્યાથી વિવિધ પૂજન હોમ હવન બાદ પૂર્ણાહૂતિ સાંજે ૪.૦૦ વાગ્યે કરવામાં આવશે. ત્યારબાદ મહાપ્રસાદ લેવામાં આવશે. રાત્રે હનુમાનજી મંદિર ટાવર રોડ સાદરા ખાતે વિજય સુવાળા રાસ ગરબાની રમઝટ બોલાવશે.

# જૂના ગરમ કપડા વિતરણ કરશે

ગાંધીનગર, તા.૨

રમેશિમ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન દ્વારા સત્યજીવન લેપ્રોસી સંઘ, અમદાવાદના લેપ્રોસીના દર્દીઓ અને તેમના પરિવારો માટે તથા ઝુંપડપટ્ટીમાં રહેતા ગરીબ લોકો માટે જુના ગરમ કપડાંના વિચરણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થા દ્વારા નગરજનોને નમ્ર અપીલ કરવામાં આવે છે કે જે લોકો તેમના જુના ગરમ કપડાં દાન કરવા માંગતા હોય તેઓએ તા. ૧૧-૧૨-૨૦૧૪ સુધીમાં ૮૧૫૪૮૩૨૯૨૮, ૭૪૦૫૮૮૨૯૭૦ નંબર પર ફોન કરવો સંસ્થાના સભ્યો ઘરે આવીને વિના મૂલ્યે કપડાં લઈ જશે તેમજ રમેશિમ ભવન, એ-૪૧, હરિનગર, વાવોલ ગાંધીનગર ખાતે કપડાં જમા કરાવી પુણ્ય કમાવવા આપી જવા વિનંતી કરવામાં આવી છે.

# આરસી પટેલમાં ધોરણ ૯ બંધ કરી દેવાતા હોબાળો

અમદાવાદ, તા. ૨

અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલ આરસી પટેલ દ્વારા ધોરણ ૯ બંધ કરી દઈ અભ્યાસ કરી રહેલ તમામ વિદ્યાર્થીઓને એલસી પકડાવી દેવાતા હોબાળો મચી જવા પામ્યો હતો. શૈક્ષણિક સત્રની અધવચ્ચે શાળાના આવા નિર્ણયથી ઉશ્કેરાયેલા વાલીઓએ શાળામાં તોડફોડ કરી હતી જેના કારણે વિદ્યાર્થીઓને શાંત પાડવા માટે શાળા સંચાલકોએ પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના વાસણા વિસ્તારમાં આરસી પટેલ નામની માધ્યમિક શાળા કાર્યરત છે. આ શાળામાં ધોરણ ૯માં સાત જ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. જેના કારણે શાળા સંચાલકો દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષના અધવચ્ચે જ શાળા બંધ કરી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમજ શાળામાં અભ્યાસ કરતા સાતેય વિદ્યાર્થીઓને એલસી પકડાવી દઈ અન્ય શાળામાં જતા રહેવાનું કહેવાતા હોબાળો મચી જવા પામ્યો હતો. શાળામાં ધોરણ ૯માં માત્ર સાત વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પણ મંજુરી મળી ન હોવાથી આ પગલું ભર્યું હોવાની દલીલ કરી શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના વાલીઓને તેમના બાળકોને અન્ય શાળામાં મુકવા માટે જણાવ્યું હતું.

# બાળકોને ખુશી અપાવનાર નોબલ વિજેતા - કૈલાશ સત્યાર્થી

## વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

આપણામાંથી બાળકોના અધિકાર અંગે અથવા જાણકારી બાબતે કેટલા લોકો સંવેદનશીલ હશે? ઘરથી શરૂ કરી હોટેલો સુધી, ચાની કીટલીથી શરૂ કરીને મોટી ફેકટરી સુધી બાળકો કામ કરતા જ રહ્યા છે. કોને પડી છે...? માનવ અધિકારનો પત્તો નથી! પછી બાળકોના અધિકારોની શી વલે હોય? વધારામાં બાળકો બધી રીતે નિર્બળ હોય પછી તો પૂછવું જ શું?

પણ હવે આનંદની વાત એ છે કે લગભગ ત્રણ દાયકાના સાહસ સહિતના પ્રયત્ન કરનારા આપણા કૈલાશ સત્યાર્થી વિશ્વને બાળકોની સેવા માટે ધ્યાન દોરી શક્યા છે. જેના માટે ૧.૧ મિલિયન ડોલરનું ઈનામ પાકિસ્તાનની મલાલા સાથે સંયુક્તરૂપે મળ્યું. બાળકોનાં અધિકારો માટે સતત કામ કરનાર ભારતના કૈલાશ સત્યાર્થી અને મલાલાની સંયુક્તરૂપે પસંદગી કરવામાં આવતાં ખુશીનું મોજું ફરી વળ્યું તે વાત સાચી પણ આ ખુબ જ આશ્ચર્યજક બાબત છે કે ભારત અને પાકિસ્તાનની એ વખતે સંયુક્ત રીતે નોબેલ શાંતિ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી છે જયારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. કૈલાશ સત્યાર્થી બચપન બચાવો આંદોલન મારફતે બાળ અધિકારો માટે સતત સંઘર્ષ કરતા રહ્યા છે. બીજી બાજુ મલાલા યુસુફજઈ પણ પાકિસ્તાનમાં બાળકોના શિક્ષણ સાથે જોડાયેલી છે. નોબેલ શાંતિ પુરસ્કારની ઘોષણા કરનાર કમિટિએ આ પુરસ્કારની જાહેરાત કરતા સત્યાર્થીની પ્રસંશા કરી છે અને કહ્યું છે કે, તેઓએ મહાત્મા ગાંધીની પરંપરાને આગળ વધારીને બાળકોના અધિકાર માટે લડત ચલાવી છે. કેસાશ સત્યાર્થી અને મલાલાને નોબેલ શાંતિ પુરસ્કાર મળતા એક નવો ઈતિહાસ રચાયો છે. વિશ્વના ગરીબ દેશોમાં સ્થિતિ ખુબ જ ચિંતાજનક રહેલી છે. કમિટિનું કહેવું છે કે, આર્થિક સંઘર્ષવાળા વિસ્તરોમાં બાળકોના અધિકારોનો ભંગ થઈ રહ્યો છે.

કૈલાશ સત્યાર્થીનો જન્મ ૧૧ જાન્યુઆરી ૧૯૫૪ના રોજ થયો હતો. જે બાળકોના હક્કોના આંદોલનકારી છે અને બાળ મજૂરી સામે ચાલતી વૈશ્વિક લડતમાં એક આગળ પડતું નામ છે. તેમણે ૧૯૮૦માં 'બચપન બચાવો આંદોલન' નામની સંસ્થાની સ્થાપના કરી અને ૧૪૪ દેશોમાં ૮૩,૦૦૦ થી વધુ બાળકોના હક્કો બચાવવા માટે લડત આપી છે. આંતરરાષ્ટ્રીય મજૂર સંઘટને (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન - **Internation Labour Organization)** બાળ મજૂરીના સૌથી ખરાબ પ્રકાર પરના કન્વેન્શન નંબર ૧૮૨ને અપનાવ્યું તેની પાછળનું પ્રેરકબળ કૈલાશ સત્યાર્થીએ કરેલાં કામ અને ચલાવેલા આંદોલનને જ ગણવામાં આવે છે. આ કન્વેન્શન આજે વિશ્વભરની સરકારો માટે પાયારૂપ માર્ગદર્શિકા છે.

સત્યાર્થીજીએ આ બધું ખૂબ જ જોખમી સ્થિતિમાં કર્યું, પોતાની આ લડાઈ દ્વારા તેણી છોકરીઓના અધિકારોને વાચા આપી છે.

આ વર્ષે નોબેલ શાંતિ પુરસ્કાર માટે ૨૭૮ જેટલા નામોની પસંદગી કરાઈ હતી. જેમાં અમેરિકાના ચેલસા મેન્નિંગ, પોપ અને વ્લાદીમીર પુતિન, એડવર્ડ સ્નોડેન પણ નામાંકિત હતા. સત્યાર્થી નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનારા ત્રીજા ભારતીય બન્યા છે. તે વ્યક્તિગત નોબેલ પીસ પ્રાઈઝ મેળવનારા સત્યાર્થી પહેલાં ભારતીય છે. નવાઈની વાત એ છે કે, સત્યાર્થીને ભારત સરકારે એકેય પુરસ્કાર આપી તેમના કાર્યને નવાજ્યું નથી. તેમણે બાળકોને સાક્ષર બનાવવાની સાથે તેમનું પુનઃવસન પણ કર્યું છે. તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બાળકોના હક્ક માટે કાર્ય કરતી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

ભારતમાં ચાઈલ્ડ ટ્રાફિકિંગની સમસ્યા અંગેનો મોટો દોષ તેઓ સરકાર અને કાયદાને પણ આપે છે. તેમનું કહેવું છે કે, ભારતમાં બાળમજૂરી વિરોધી કાયદા જ નથી. વળી, સરકાર અને અધિકારીઓ તો આ કોઈ ગંભીર સમસ્યા છે તેવું માનવા જ તૈયાર નથી. પરંતુ, જયારે તેમની સંસ્થા આવા બાળકોને મુક્ત કરાવે ત્યારે જ સરકાર તેમની નોંધ લેતી હોય છે. નોબલ શાંતિ પારિતોષિક જીત્યા બદલ બાળઅધિકારીઓના હિમાયતી કૈલાશ સત્યાર્થીએ જણાવ્યું કે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર તે ભારતની જનતાને અર્પણ કરે છે. સાથોસાથ તેમણે એવો સંકલ્પ કર્યો છે કે પોતે બાળકોના શોષણની પ્રવૃત્તિઓ વિરૂદ્ધ નવા જોમ સાથે કાર્ય કરશે અને બાળકોની સુખાકારી મેળવીને જ જંપશે. તેમણે લાખો બાળકોની યાતનાનો સ્વીકાર કરવા બદલ નોબેલ સમિતિનો આભાર માન્યો છે અને કહ્યું છે કે આ એવોર્ડ મળવાથી બાળશોષણના મામલે સમગ્ર વિશ્વનું ધ્યાન કેન્દ્રિત કરવામાં પોતાને મદદ મળશે.

મધ્યપ્રદેશના વિદિશામાં જન્મેલા સત્યાર્થી ગાંધીવાદી વિચારધારામાં માનનારા છે. તેમણે કહ્યું છે કે આ એવોર્ડ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને અપાયો હોત તો મને વધારે ખુશી થઈ હોત. નોબેલ કમિટિએ કહ્યું છે કે સત્યાર્થીએ મહાત્મા ગાંધીની પરંપરાને જાળવી રાખીને અનેક પ્રકારના શાંતિપૂર્વક વિરોધ, દેખાવો દ્વારા તેમનું આંદોલન ચાલુ રાખ્યું છે. લોકો આર્થિક લાભ મેળવવા માટે માસૂમ બાળકો પાસે મજૂરી કરાવવાની જે મનોવૃત્તિ રાખે છે તેની સામે સત્યાર્થીએ સફળતાપૂર્વક જંગ આદર્યો છે.

હકીકતમાં ૧૮૯૫માં નોબેલ પારિતોષિકની સ્થાપના કરનાર સ્વિડનના ઉદ્યોગપતિ આલ્ફ્રેડ નોબલની ૧૦ ડિસેમ્બરના દિવસે મૃત્યુતિથિ છે અને આ દિવસે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે જેમાં આ ઈનામનું વિતરણ કરવામાં આવે છે. અનેક વિરોધો અને અવગણનાઓ વચ્ચે સેવા માટેનું આત્મબળ આવે છે કયાંથી? ગાંધીજીએ કહ્યું હતું કે તોપના બળ સામે સામાન્ય માનવીનું તપોબળ અથવા તો આત્મબળ બજાર ગણું શક્તિશાળી છે. આ આત્મબળમાં એટલી તાકાત છે કે એ પ્રસ્થાપિત વ્યવસ્થાને ઉખાડીને ફગાવી શકે છે. ગાંધીજીએ કહ્યું હતું કે દરેક માનવ આત્મબળ ધરાવતો હોય છે. કેટલાક વિલક્ષણ લોકો એને ઓળખી લે છે અને બીજાને એનો પરિચય કરાવવો પડે છે. ગાંધીજીએ કરોડો ભારતીયોનું આત્મબળ જાગ્રત કર્યું હતું. અન્યાય અને અસત્ય સામે અહિંસક પ્રતિકાર માનવસમાજને આપવામાં આવેલી ગાંધીજીની અનુપમ ભેટ છે. ૧૯૦૧થી શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવે છે. ગાંધીજીના આત્મબળનો પ્રયોગ કરીને પ્રસ્થાપિત વ્યવસ્થા સામે લાખો લોકો આજે દુનિયાભરમાં લડી રહ્યા છે. ગાંધીજીને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક સંસ્થાનવાદી યુગમાં બ્રિટીશ સરકારના દબાણ હેઠળ આપવામાં નહોતું આવ્યું અને સંસ્થાનવાદનો અંત પારિતોષિક આપી શકાયું નહોતું. ગાંધીજીને નોબેલ પ્રાઈઝ ન મળી શક્યું એનો અફસોસ એટલા માટે નથી કે ગાંધીજી પાસેથી પ્રેરણા મેળવીને અહિંસક પ્રતિકાર કરનારા એક ડઝન માણસોને શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું છે.

વિદિશા (મધ્યપ્રદેશ)માં જન્મેલા કૈલાશ સત્યાર્થી આવા એક ગાંધીપ્રેરિત સત્યપ્રિય વ્યક્તિ છે. તેમણે એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે, પરંતુ પૈસા કમાઈને સલામત જિંદગી જીવવાની જગ્યાએ તેઓ અહિંસક પ્રતિકાર દ્વારા બાળકોના અધિકાર માટે લડી રહ્યા છે. કૈલાશ સત્યાર્થીએ પ્રારંભમાં સ્વામી અગ્નિવેશ સાથે કામ કર્યુ હતું. એ દરમિયાન તેમના ધ્યાનમાં આવ્યું હતું કે દિલ્હી શહેરમાં જે મકાનો બંધાઈ રહ્યા છે અને માટેની ઈંટો નાનાં બાળકો બનાવે છે. એક બાજુ શહેરી સાહેબી અને બીજી બાજુ બાળપણ વિનાનાં બાળકો. તેમણે ઈંટના ભઠ્ઠાઓમાં કામ કરતાં બાળકોને ન્યાય મળે એ માટે લડવાનું શરૂ કર્યું હતું. તેઓ અત્યારે 'બચપન બચાવો આંદોલન' ચલાવી રહ્યા છે.

કૈલાશ સત્યાર્થી સાદું જીવન જીવતા માણસ છે. માધ્યમોમાં મોઢું બતાવતા નથી, બહુ ઓછું બોલે છે એટલે નોબેલ માટે જયારે તેમના નામની જાહેરાત થઈ ત્યારે ઘણાંને આશ્ચર્ય થયું હતું. અનેક લોકોએ તો આ પહેલાં તેમનું નામ પણ નહોતું સાંભળ્યું. કૈલાશ સત્યાર્થીને આ પહેલાં દેશમાં સાદું પદ્મશ્રીનું પારિતોષિક પણ આપવામાં નથી આવ્યું. મેગ્સાયસાય એવોર્ડ કે એવા કોઈ પ્રતિષ્ઠિત એવોર્ડ તેમને આપવામાં નથી આવ્યા. અચાનક અને એ પણ સર્વોચ્ચ નોબેલ પારિતોષિકની જાહેરાતે આશ્ચર્ય પેદા કર્યું છે. કેટલાક લોકો આનાં આડાંઅવળાં અર્થઘટનો પણ કરશે, પરંતુ એમાં કૈલાશ સત્યાર્થીના સાચુકલા કામની ઉપેક્ષા ન થવી જોઈએ. ભારતમાં અનેક કૈલાશ સત્યાર્થીઓ છે અને દરેક પોતપોતાનું કામ કરી રહ્યાં છે, એ પણ ખરું કે બીજા કેટલાક લોકો હજી વધારે વ્યાપક કામ વધારે જોખમ ઉઠાવીને કરી રહ્યા છે.

કેટલાક પત્રકારોએ શોધી કાઢ્યું કે શાંતિ માટેનું નોબેલ પારિતોષિક સાવ ખોટા માણસોને મળ્યું હોય એવા ઘણા દાખલા છે. ૧૯૭૩માં અમેરિકન વિદેશપ્રધાન હેન્રી કિસિન્જરને શાંતિ માટેનું નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું. તેમણે ચીનની છૂપી યાત્રા કરી હતી અને અમેરિકાના ચીન સાથેનાં સંબંધ સુધારવાનો પ્રારંભ કર્યો હતો. અમેરિકા-ચીન વચ્ચેના સંબંધ સુધારવાને કારણે જગતમાં શાંતિ સ્થપાવાની છે એવી ધારણાને આધારે નોબેલ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું. વાસ્તવમાં હેન્રી કિસિન્જરને અને શાંતિને સ્નાનસૂતકનોય સંબંધ નહોતો. અમેરિકા અને ચીને મળીને વિશ્વશાંતિનો કોઈ પ્રયોગ કર્યો નથી. ૨૦૦૯માં અમેરિકાનાં પ્રમુખ બરાબ ઓબામાને નોબેલ આપવામાં આવ્યું હતું. હજી તો પ્રમખ થયે છ મહિના પણ નહોતા થયા એ પહેલાં શાંતિના કયા કામ માટે તેમને પારિતોષિક આપવામાં આવ્યું અને તેમણે સ્વીકાર્યું એ રહસ્ય છે.

સોવિયેટ રશિયાને શરમાવવા ૧૯૭૫માં આન્દ્રેઈ સખારોવને અને સામ્યવાદી ચીનને શરમાવવા ૧૯૮૯માં દલાઈ લામાને શાંતિ માટેનો નોબલ પ્રાઈઝ માટે પસંદ કરવામાં આવેલ. આમાં નોબેલ પ્રાઈઝ કમિટીની શાંતિ માટેની નિસ્બત કરતાં રાજકીય ગણતરી વધુ હતી.